૧) હે નાથ જોડી હાથ પાયે પ્રેમથી સહુ માંગીએ, શરણું મળે સાચું તમારૂં એ હૃદયથી માંગીએ, જે જીવ આવ્યો, આપ પાસે ચરણમાં અપનાવજો, પરમાત્મા એ આત્મા ને શાંતિ સાચી આપજો

૨) હયાત માત-પિતાની છત્ર છાયામાં વ્હાલપના બે વેણ બોલીને, નીરખી લેજો, હોઠ અડધા બીડાય ગયા પછી... ગંગાજળ મૂકીને શું કરશો... અંતરના આશીર્વાદ આપનારને સાચા હૃદયથી એક ક્ષણ ભેટી લેજો હયાતી નહીં હોય ત્યારે નત મસ્તકે છબીને નમન કરીને શું કરશો ?

૩) શ્રીકૃષ્ણ શરણં મમ્ નો ભાવાર્થ

શ્રી - સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે. લક્ષ્મી પ્રાપ્ત થાય છે.

કૃ - પાપને શોષે છે.

ષ્ણઃ - ત્રિવિધ તાપ શાંત થાય છે.

શ - સંસારમાં યોનિનો નાશ થાય છે.

ર - બ્રહ્મ, જગત, જીવ વગેરેનું જ્ઞાન થાય છે અને પ્રભુસંબંધ સમજાય છે.

ણં - શ્રીકૃષ્ણમાં દૃઢ ભક્તિ થાય છે.

મ - ગુરૂમાં પ્રીતિ થાય છે.

મ્ - હરિ સાથે સાયુજ્ય મુક્તિ મળે છે.

૪) આંખ બની જાય કરૂણાની પ્યાલી, અંતર ઝંખે સહુની ખુશાલી, અન્યના દુઃખમાં આંસુ વહાવે, એના આંગણે રોજ દિવાળી.

૫) શ્રીમદ્ ભાગવત કલ્પવૃક્ષનું પાકેલું ફળ છે, અમૃતરસથી ભરેલું છે. ભાગવત કથાનો રસ સ્વર્ગ, વૈકુંઠ કે કૈલાસમાં નથી. જેનું શ્રવણ ત્રણે તાપો મિટાવે છે તેનું શ્રવણ-મનન કરનાર મુક્ત થાય છે. ભગવાન વ્યાસદેવે તેની રચના કરી છે. જેમાં પરમહંસોને પણ ઉપયોગી વિશુદ્ધ જ્ઞાનની ચર્ચા છે.

૬) આંખમાં અમી તો દુનિયા ગમી, જીભમાં અમી તો દુનિયા નમી.

૭) માબાપને ભૂલશો નહિ

ભૂલો ભલે બીજું બધું માબાપને ભૂલશો નહિં
અગણિત છે ઉપકાર એના એહ વિસરશો નહિં
અસહ્ય વેઠી વેદના ત્યારે દીઠું તમ મુખડું
એ પુનિત જનના કાળજાં પથ્થર બની છૂંદશો નહિં
કાઢી મુખેથી કોળિયા મ્હોંમા દઇ મોટા કર્યાં
અમૃત તણાં દેનાર સામે ઝેર ઉછાળશો નહિં
લાખો લડાવ્યાં લાડ તમને કોડ સહુ પૂરા કર્યાં
એ કોડના પૂરનારના કોડ પૂરવા ભૂલશો નહિં
લાખો કમાતા હો ભલે મા - બાપ જેથી ના ઠર્યાં
એ લાખ નહિ પણ રાખ છે, એ માનવું ભૂલશો નહિં
સંતાનથી સેવા ચહો તો સંતાન છો સેવા કરો,
જેવું કરો તેવું ભરો એ ભાવના ભૂલશો નહિં
ભીને સુઇ પોતે અને, સૂકે સુવાડ્યા આપને
એ અમીમય આંખને, ભૂલીને ભીંજવશો નહિં
પુષ્પો બિછાવ્યાં પ્રેમથી જેણે તમારા રાહ પર
એ રાહબરના રાહ પર, કંટક કદી બનશો નહિં
ધન ખરચતાં મળશે બધું માતા - પિતા મળશે નહિં
એનાં પુનિત ચરણો તણી, ચાહના ભૂલશો નહિં.

૮) શેરડી પીલશો તોય એ મીઠા રસનું ઝરણું વહાવશે. ચંદનને ઘસશો તોય એ શીત સૌરભની મહેફિલ જમાવશે. ઝાડને પથ્થર ઘસશો તોય એ મધુર ફળ આપશે, ધૂપને બાળસો તોય એ સુંગધના ગોટા ઉછાળશે. સજ્જનને અજ્ઞાનતાથી છેડશો તોય એ કરુણાભીની નજરે ક્ષમા જ આપશે.

૯) આપણા પવિત્ર ગ્રંથ ગીતા ને રામાયણ માં શ્રીરામ અને શ્રીકૃષ્ણ કહ્યું છે કે :-

'' કર્યા વગર કંઈ મળતું નથી. કોઈ કાર્ય ફોગટ જતું નથી. માનવ જીવનમાં પરિશ્રમનું મુલ્ય ઘણું બધું છે. આપણે જો કામ કરીશું તો જરૂરથી તેનું ફળ મળવાનું છે.''

૧૦)'હું ભગવાનનો છું' એવા ભાવથી પરમાત્માની સેવા સ્મરણ કરતાં કરતાં હૃદય જ્યારે શુદ્ધ થાય છે ને ભક્તિ જ્યારે વધી જાય છે ત્યારે 'ભગવાન મારા છે' એવો દિવ્ય અનુભવ થઈ જાય છે. ને પછી તો એવી શ્રધ્ધા જાગી ઊઠે છે કે 'હું જ્યારે ઈચ્છું ત્યારે ભગવાન મને દર્શન આપવાના છે ને મારી સાથેજ રહેવાના છે. કદાચ કોઈ વખત ભગવાનને હું ભૂલી જઈશ તો પણ ભગવાન મને ભૂલી જવાના નથી.'

૧૧)લાખોની સંપત્તિ ગુમાવી બેસનારા હજી પાછા બેઠા થઈ ગયા છે. પણ ઉત્સાહ ગુમાવી બેઠેલા તો ક્યારેય બેઠા થઈ શક્યા નથી. બધુંય જાય તો જવા દેજો પણ, સત્કાર્યો માટે મળેલા આ શ્રેષ્ઠ જીવનમાં ઉત્સાહને ક્યારેય માંદો ન પડવા દેશો.

૧૨)જીવન માટે મરણ આવશ્યક છે, અનિવાર્ય છે. મરણ વિના જીવનની પૂર્તિ થઈ શક્તી નથી. તેમજ જીવનમાં પ્રગતિ માટે, નવા નવા ઉન્મેષો માટે અવકાશ જ રહેતો નથી. મરણના ચમત્કાર વગર જીવન જડ અને નીરસ બને છે. મરણ છે તો તાજગી છે, મરણ વિના જીવનમાં આસ્તિકતા પણ ટકે નહિ.

૧૩)જેને પ્રભુમિલનની તીવ્ર ઝંખના છે. જેને પ્રભુદર્શનની અતિ આતુરતા છે, એને કદાચ પ્રભુનાં દર્શન-મિલન પહેલાં જ દેહ છોડવાનું થાય તોય એનું મરણ મંગલમય થઈ જાય છે. પરંતુ જેના મનમાં લૌકિક સુખ ભોગવવાની વાસના રહી જાય છે એનું મરણ બગડી જાય છે. લૌકિક સુખ ભોગવવાની વાસના જ મોટામાં મોટું દુઃખ છે એ જ અશાંતિનું ઉદ્ભવસ્થાન છે.

૧૪)પ્રભુ એટલું આપજો, કુટુંબ પોષણ થાય, ભૂખ્યા કોઈ સૂવે નહિ, સાધુ-સંત સમાય, અતિથિ ભોંઠા નવ પડે, આશ્રિત નવ દુભાય, જે આવે અમ આંગણે, આશિષ દેતો જાય, સ્વભાવ એવો આપજો, સબ ઈચ્છે મમ હિત, શત્રુ ઈચ્છે મિત્રતા, પાડોશી ઈચ્છે પ્રિત, વિચાર વાણી વર્તને, સૌનો યાચું પ્રેમ, સગાં, સ્નેહી કે શત્રુનું ઈચ્છું કુશળ ક્ષેમ.

૧૫)હે ઈશ્વર, હે અંતર્યામી, હે સર્વજ્ઞ, હે સર્વ શક્તિમાન, હે ન્યાયકારી, હે નાથ આપ મારા છો અને હું આપનો છું. હું આપને શરણે છું. મારા કર્મ અનુસાર આપની પ્રેરણાથી અહર્નિશ કાયિક, વાચિક, માનસિક, જે જે કર્મ કરું, તે આપને સમર્પણ કરું છું. આપ મારી બુદ્ધિને શુદ્ધ કરો, આપના સ્વરૂપ વિશે જોડો અને આ જન્મમરણ રૂપ સંસારના દુઃખથી પાર કરી આપના પરમાનંદ સ્વરૂપની પ્રાપ્તિ કરાવો.

૧૬) શ્રીઠાકોરજીની સેવામાં સર્વ-દેવોની પુજા સમાઈ જાય છે. દેવો તેત્રીસ કરોડ છે. બધાને ભજવા જઈએ તો જીંદગી ટુંકી પડે અને એકે દેવ રીઝે નહિ. શ્રી ઠાકોરજી તો દેવોના દેવ છે. તેમના પુજનમાં સર્વ-દેવોનું પુજન આવી જાય છે. જેમ વૃક્ષના મુળમાં સિંચેલું જળ થડ, ડાળી, પાનને પહોંચે છે પણ દરેક પાન ઉપર સિંચેલ જળ ક્યાંય

પહોંચતું નથી તેમ .

૧૭)'હું'ને ભુલી જઈએ તો જ 'તું' આવી શકે, કારણ કે એક મ્યાનમાં બે તલવાર 'હું' અને 'તું' સાથે રહી શકતી નથી. આપણે બંનેને સાથે રાખવાની કોશિશ કરીએ છીએ. 'હું'ને વિદાય આપવાની કોશિશ કરવી તે એક જાતનું 'તપ' છે. દિપાવલીના મંગલ પર્વે પ્રભુ આ તક સહુને આપે એવી

૧૮) અજ્ઞાનપૂર્વકની બાદશાહી કરતાં જ્ઞાનપૂર્વકની નિર્ધનતા ચડિયાતી છે. સારૂં કાર્ય કરવા માટે અસામાન્ય સંજોગો કે સાનુકુળ વાતાવરણની રાહ ન જુઓ, પરંતુ પ્રતિકુળ અને સામાન્ય સંજોગોમાં પણ સત્કાર્યો કરતા રહો.

૧૯)ભલે તું મને ફક્ત રણ આપજે, હું ચાલી શકું એ ચરણ આપજે
ભલે હરઘડી મૂંઝવણ આપજે, મને કાળજું પણ કઠણ આપજે
હું બોલું પછી હોઠ ખોલું પછી, પ્રથમ તું મને આચરણ આપજે
પરમતત્ત્વને હુંય પામી શકું, મને એવી એકાદ ક્ષણ આપજે
કદાચિત્ ભૂલી જાઉં ખુદને હું, સતત એક તારું સ્મરણ આપજે.

૨૦)એક વાર અકબરે બિરબલને પૂછે્યું, *બિરબલ સાચુ કહેજે, હું મોટો કે તારો ભગવાન?* અકબરે ધાર્યુ હતું કે બિરબલ તો પોતાના ભગવાન નેજ મોટા કહેશે. પણ બિરબલે કહ્યું, *જહાંપનાહ ! તમે મોટો.* અકબર કહે *એ શિ રીતે?* બિરબલ કહે *બાદશાહ સલામત, જે કામ ભગવાન ન કરી શકે તે તમે કરી શકો છો, ભગવાન ગમે તેટલા કોઈ પર <u>નારાજ</u> થાય પણ તે જીવને પોતાના રાજ્ય થી ક્યારેય તડીપાર નહી કરી શકે, જ્યારે તમે તમારા રાજ્યમાંથી નીકાળ જવા નો દંડ દઈ શકો છો ને !* અકબર કહે *માન ગયે બિરબલ ! તારી ચતુરાઈ નો જોટો નહી જડે.*

૨૧) એક વાર નારદજી એ ભગવાન શ્રીકૃષ્ણ ને પૂછે્યું, *ભગવાન! તમે કાળા શા સારૂ છો? બીજા બધા દેવો તો ગોરા છે? બ્રહ્મા ગોરા, હું (નારદ) ગોરો, શિવજી ગોરા, તમે જ શ્યામ શા માટે ?* ભગવાને કહ્યું *તેનું કારણ છે - મેં મારી રહેવાની જગા ખોટી પસંદ કરી છે. કોઈ માણસ કાજળની કોટડી માં જઈ રહે તો શું થાય! કોલસાની ખાણમાં ઘર માડે તો શી હાલત થાય! તો ભગવાન તો પ્રાણી માત્ર ના હૃદય માં વસે છે. તમેજ કહો આપણું હૃદય કેવું છે! વાસના, કામના, રાગ-દ્વેષ થી ભરેલું કલુષિત છે. કાળું છે, એવા કાળા હૃદયમાં રહેવાથી ભગવાન પણ કાળા બની ગયા, પણ ભગવાન કરે પણ શું? એમને ના ગમે તો પણ બધાં ના હૃદય માં એમને રહેવું જ પડશે.*

૨૨)અંગ્રેજી માં એક કવિતા આવે છે તેનો અર્થ આવો હતો - સોલોમન સોમવારે જન્મ્યો, મંગળવારે ધર્મની દીક્ષા પામ્યો, બુધવારે પરણ્યો, ગુરૂવારે માંદો થયો, શુક્રવારે વધારે માંદો પડ્યો, શનિવારે મરી ગયો અને રવિવારે દાટી દીધો. બસ આજ છે જીવન નો અંત! આ વાત એકલા સોલોમન ની જ હતી એવું નથી-આપણી બધાંની પણ આવીજ વાત છે, આપણું જીવન પણ એ સોલોમન ની જેમ એળે ન જાય એટલા માટે માનવ થઈ જીવવાનું છે.

૨૩)આત્મ કલ્યાણ માટે ભગવાને *'કાયા'* દીધી, તે *'માયા'* માં વેડફી દઈશું! તો પછી જવાબ *'જગદીશ'* ને શો દઈશું!

૨૪)જેટલો પ્લોટ હોય તેટલો બંગલો નથી હોતો, જેટલો બંગલો હોય એટલો દરવાજો નથી હોતો, જેટલો દરવાજો હોય તેટલું તાળું નથી હોતું અને જેટલું તાળું હોય એટલી ચાવી નથી હોતી, પરંતુ ચાવી પર આખા બંગલાનો આધાર હોય છે. માટે જે જીવનમાં બંધન અને મુક્તિનો આધાર મનની ચાવી પર જ છે.

૨૫)સોને કી છડી, રૂપે કી મસાલ, જરીયનકા ઝામા, મોતિયન કી માલા, કાંને કુંડળ, માથે મુગટ, મુખ પર મોરલી, મહારાજા ધીરાજા, ગૌ બ્રાહ્મણ પતી પત, શ્રીનાથજી બાવાને ઘણી ખમ્મા, ઘણી ખમ્મા, ઘણી ખમ્મા, ભક્ત-વત્સલ ભગવાનકી જય, મોર મુકુટ બંસીવાલે કી જય, શ્રીનાથજી પ્યારે કી જય, શ્યામસુંદર શ્રી યમને મહારાણી કી જય, શ્રી વલ્લભાધીશકી જય, શ્રીગુસાંઈજી પરમ દયાલ કી જય, આજ કે આનંદ કી જય, અપને અપને ગુરૂદેવ કી જય.

૨૬)હે પરમાત્મા ! !! મને તારી શાંતિનું વાહન બનાવ, ધિક્કાર છે ત્યાં હું પ્રેમ વાવું, ઘાવ થયો છે ત્યાં ક્ષમા ચાહું, શંકા છે ત્યાં શ્રધ્ધા જગાવું, હતાશા છે ત્યાં આશા જગાવું, અંધકાર છે ત્યાં પ્રકાશ જગાવું, શોક છે ત્યાં આનંદ ફેલાવું.

૨૭) શ્રીનાથજીનાં દર્શનો મહિમા

મંગલાના દર્શન કરવાથી સદાય સુખી થવાય છે.
શ્રૃંગારનાં દર્શન કરવાથી સ્વર્ગલોક મળે છે.
ગ્વાલનાં દર્શન કરવાથી પ્રતિષ્ઠા બની રહે છે.
રાજભોગના દર્શન કરવાથી ભાગ્ય વૃધ્ધિ થાય છે.
ઉત્થાપનના દર્શન કરવાથી ઉત્સાહ વધે છે.
ભોગના દર્શન કરવાથી ભરોસો વધે છે.
આરતીના દર્શન કરવાથી નિઃસ્વાર્થી થવાય છે.
શયનનાં દર્શન કરવાથી શાંતિ મળે છે.

૨૮)

હે પરમાત્મા ! એવું કરો કે, હું આશ્વાસન મેળવવા નહિ, આપવા ચાહું.
મને બધાં સમજે એ કરતાં હું બધાંને સમજવા ચાહું
મને કોઈ પ્રેમ આપે એ કરતાં હું કોઈને પ્રેમ આપવા ચાહું
કારણકે, આપવામાં જ આપણને મળે છે,
ક્ષમા કરવામાંજ આપણે ક્ષમા પામીએ છીએ.

૨૯)કબીરા જબ હમ પેંદા હુએ, જગ હસે, હમ રોવે,
એસી કરની કર ચલો, હમ હસે, જગ રોવે.

૩૦)ચીંતા મધમાખી જેવી હોય છે.
તેને જેટલી હટાવો તેટલી જ તે વધારે આપણને ચોંટે છે.

૩૧) *મૈં મૈં મૈં મૈં ના કરો, વો તો ભેડ-બકરી બોલતી હૈ.*
*તુમ તો ઈન્સાન હો, ઈન્સાન બનકે જીઓ.*

૩૨)ધન મેળવવું મુશ્કેલ છે, મેળવ્યા પછી જાળવી રાખવું વધુ મુશ્કેલ છે,
પરંતુ યોગ્ય રીતે વાપરવું એ સૌથી વધુ મુશ્કેલ છે.

૩૩)દૈવીપણું, આસુરીપણું અને માનવતા-આ સર્વ વૃત્તિઓનાં નાના મોટા સ્વરૂપો-તેના કૃત્યો દ્વારા દેહધારી જીવને દેવ, દાનવ કે માનવ બનાવે છે.

૩૪)'આ બધાં રોકેટો અને મિસાઈલો એ 'તેનાં' (ઈશ્વરનાં) એક કલામ નામના નાનકડા માણસ દ્વારા કરાયેલાં કાર્યો છે અને તે એ હેતુથી કે ભારતનાં કરોડો લોકોને સૂચવે છે કે કદી નાના કે અસહાય ન અનુભવવું. આપણે બધા આપણામાં દિવ્ય અગ્નિ સાથે જન્મ્યા છીએ. આપણો પ્રયાસ આ અગ્નિને પાંખ આપવાનો અને તે દ્વારા જગતને તેના શુભ પ્રકાશથી ભરી દેવાનો હોય'.

૩૫)હે કૃષ્ણ! આ સમગ્ર નામે રૂપાત્મક સંસાર આપનામાંથી જ ઊપજયો છે, આપની અનંત કૃપા વડે જ જીવે છે અને અંતે આપનામાં જ વિલીન થાય છે. આપ એક જ અમારા જીવનનો આધાર છો. કોઈ

ભલે મુક્તિની માગણી કરે, પરંતુ હું તો આપની ભક્તિ જ માગું છું. અહર્નિશ આપના ચરણ કમળોમાં મ્હારો વાસ રહે અને આપનું નિર્મળ, સુંદર, મનમોહક સ્વરૂપ મ્હારા હૃદયમંદિરમાંથી કદીયે દૂર ન થાય એ જ મ્હારી ઈચ્છા અને આશા. આપ એક જ મ્હારા જીવનની ઉત્કૃષ્ટ જ્યોતિ છો!

૩૬)જીવનમાં એકાદ સારૂ લક્ષણ પણ એવું વિકસાવવો જે કે જગતમાં સર્વનું લક્ષ્યબિંદુ બની જાય.

૩૭)સત્કર્મ, સેવા અને પરોપકાર માટે તન, મન અને ધનની જરૂરીયાતો તો છેજ, પરંતુ ભાવનાનું મહત્વ સૌથી વધુ છે, ભાવના જાગે તો અપંગ માણસ બુદ્ધિ અને નાણાં વડે અને નિર્ધન માણસ શરીર ઘસીને પણ સેવા અને પરોપકાર કર્યે જાય છે. એટલે સેવાની ભાવનાવાળા માણસોજ જગતને આશીર્વાદ સમા બનતા હોય છે.

૩૮)જેણે સેવાધર્મ સ્વકાર્યો છે, તેની એક પળ પણ કર્મ વિહોણી ન જવી જોઈએ. નૂતનવર્ષનાં મંગળ પરવ પર આપણે સૌ નિશ્ચિય કરીએ કે ''પ્રભુએ આપેલી ચોવીસ કલાકની ભેટ સેવા-સત્સંગ-દર્શન-સત્કર્મ અને રૂડા કામોમાંજ વાપરીશ''.

૩૯)દીન દુઃખીયાની સેવા વડે તમારી જીવન સુવાસ એવી રીતે મહેંકી ઉઠજો કે ભગવાનનું અંતર પણ આનંદથી નાચી ઉઠે ને જીવનને અંતે પ્રભુ પાસે જાઓ ત્યારે, તમારૂ હર્ષભર્યું સામૈયું કરવા ભગવાન પણ ઉત્સુકતા અનુભવે.

૪૦)પુષ્ટિ શબ્દ પારિભાષિક હોવાથી કેટલાક અજ્ઞાની વિચાર શૂન્ય લોકો સ્થૂલ શરીરના પોષણમાં પુષ્ટિ શબ્દનો અર્થ ઘટાડી દે છે. પરંતુ એ યોગ્ય નથી. શ્રીમદ્ ભાગવતમાં ''પોષણંતદ્નુગ્રહ'' એમ પુષ્ટિ શબ્દનો ''ભગવાનની કૃપા'' એવો સ્પષ્ટ અર્થ આપવામાં આવ્યો છે. ''પુષ્ટિ'' એટલે સ્થૂલ શરીરનું પોષણ નહિ પરંતુ પરાત્પર ''પુરૂષોત્તમનો અનુગ્રહ''.

૪૧)એક વખત નેપોલિયન પોતાને ત્યાં એક પુસ્તક શોધી રહ્યો હતો. તેણે પુસ્તક જોયું-ઉપરની અભરાઈ પર હતું-તે ઊંચો થઈને લેવાની કોશિષ કરી રહ્યો હતો એટલામાં તેનો માણસ આવ્યો. તેણે કહ્યું, 'હું તમારા કરતાં ઊંચો છું, હું ઉતારી આપું!' એટલે તેણે તે પુસ્તક ઉતારીને નેપોલિયનને આપ્યું. નેપોલિયને આભાર માનીને તેને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું, 'ભાઈ ! તું મારા કરતાં ઊંચો નથી. મારા કરતાં લાંબો જરૂર છે! શબ્દોનો સમજીને ઉપયોગ કર.'

૪૨)મનુષ્ય આંખ ઉઘાડે છે ત્યારથી આ જગત એક અપાર આશ્ચર્યની જેમ ઊઘડતું જાય છે અને આખરે સદા માટે તે આંખો મીંચી દે ત્યારે કયું નવું આશ્ચર્ય તેની સામે ખૂલતું હશે એ કોઈ કહી શકે એમ નથી. આ જીવનને સમજાવવાના અનેક પ્રયત્નો થાય છે. પણ જીવન કોઈ સમજની ફૂટપટ્ટીમાં સમાતું નથી. જે બની રહેલું છે-બને છે. તેમાં ફેરફાર અશક્ય છે. ગતિ અવરોધી શકાતી નથી. ઘટના નિશ્ચિત વલણને અનુસરવા નિમિત્ત બનેલી હોય છે. તેનો વિકલ્પ કુદરતને આધીન જ હોય છે.

૪૩)જે શ્રીમંતમાં ગરીબ માનવી જેવી નમ્રતા છે અને જે ગરીબમાં શ્રીમંત હૃદય વસ્યુ છે તેઓના પર પ્રભુની કૃપા સદા વરસતી રહે છે.

૪૪)માતૃવાત્સલ્યની ઝંખના

માતૃવાત્સલ્યની ઝંખનાની આંતરવેદના કોણ વર્ણવી શકે ? કલમ થંભી જાય, શબ્દો ખુટી પડે પણ અશ્રુની ધારા અવિરત વહ્યા કરે. પળે પળે માતૃવાત્સલ્યની ઝંખના વધતી જાય; હૃદયની વ્યથા વધતી જાય. ક્યાં છે એ માતાની વાત્સલ્યતા ?ક્યાં છે એ હસતો ચહેરો ? ક્યાં છે વિશાળ હૃદય? ક્યાં છે એ કોઈપણ પ્રસંગને હળવો બનાવનાર પ્રેરણામૂર્તિ માતા ? આ જન્મે તો ઓરતા અધુરા રહ્યા પણ હે પ્રભુ ! અમારી અંતરની પ્રાર્થના છે કે જન્મ જન્માંતર સુધી અમે એ જ માતાના સંતાન બની, એમના ચરણ પખાળી સેવા કરી, એમના વહાલ નિતરતા હૃદયમાં સદાયને માટે સમાઈ રહીએ.

૪૫)માનવ દેહ મળવો દુર્લભ છે. તેમ માનવ દેહ ક્ષણ ભંગુર પણ છે. માનવ દેહ ક્ષણભંગુર હોવા છતાં (તે મનુષ્ય દેહ) અતિ દુર્લભ છે. જેથી જ્ઞાની માનવો સાથે સત્સંગ કરી પ્રભુપરાયણ થવાનો માર્ગ પ્રાપ્ત કરવા સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ.

૪૪)આ ''મારૂ'' છે એમ માનશો તો દુઃખ આવશે. 'સર્વસ્વ શ્રીહરિનું છે' એમ માનશો તો સુખ પામશો.

૪૫)સેવા સ્મરણની પ્રવૃત્તિઓમાં પીસાઈ-પીસાઈને તમારા જીવતરનું અત્તર ચોમેર મહેંકી ઉઠાવજો.

૪૬)ગુસ્સો કરવો એટલે આત્માની શાંતિ ખોઈને પોતા પરનો કાબુ ગુમાવવો. વિચારોની સ્પષ્ટતા ખોવી. પરિસ્થિતિની પકડ ગુમાવવી અને પોતાના સ્વજનોનું માન ખોવું.

૪૭) આવે તેને એક વંદન-*જન્મ*, જાય તેને સો વંદન-*મૃત્યુ* , ફરી ન આવે તેને હજાર વંદન - *મોક્ષ*

૪૮) હે અર્જુન! જે પુરૂષ મનથી ઈન્દ્રિયોને વશમાં કરીને અનાશક્ત થઈ કર્મનું આચરણ કરે છે તે શ્રેષ્ઠ છે.

૪૯) ભોગવવા જેવ વસ્તુને ભોગવવા માટે મોહ, માયા પણ ન થાય એ વૈરાગની છેલ્લી હદ છે. અહંકારની જરા પણ અસર ન રહે એ જ્ઞાનની છેલ્લી હદ છે અને નાશ પામેલી ચિત્તની વૃત્તિઓ ફરી જન્મે નહિ એ ઉપરતિની છેલ્લી હદ છે.

૫૦)ભગવાનની મૂર્તિ આંખને ઠારે...ભગવાનની વાણી હૈયા ને ઠારે...ભગવાનનું સ્મરણ મન ને ઠારે.

૫૧) પ્રતિકૂળતાના સમયમાં આંખમાંથી આંસુ વહી જાય એટલા માત્રથી વ્યથિત થઈ જવાની જરૂર નથી. પણ અંતરમાંથી સત્ય વહી ન જાય એની ખાસ તકેદારી રાખવાની જરૂર છે.

૫૨)નિત બુલંદીએ જ ઉડનારો અલૌકિક એ બાજ ઉતર્યો નીચે જરા સંસાર દર્શન કાજે, પણ મળ્યો ના જાણભેદુ કોઈ 'નિકાને' એટલે? જ્યાંથી આવ્યો ત્યાં જ પાછો ચાલ્યો ગયો આજે એ.

૫૩) ધર્મ માધ્યમ છે, કલા ઉત્કંઠા છે, વિદ્યા સમજ છે, સરળતા શ્રેષ્ઠ છે. જ્યાં મન, વિચાર અને ચિત્તથી ઉપર ઉઠવાનું છે. આવી પ્રભુપ્રસાદી આપણને સૌને મળે તેવી નૂતનવર્ષની મંગળ પ્રાર્થના.

૫૪)મમતાનું મરચું, મક્કમતાની મેથી, મીઠાશનું મીઠું, રમૂજની રાઈ, હિંમતની હિંગ અને હૈયાની હળદર સપ્રમાણ ભેગી કરી ધૈર્યરૂપી તેલથી વઘારી બનાવેલો આ સંભાર આપણા જીવન-ભોજનને વધુ સ્વાદિષ્ટ બનાવશે.

૫૫) ખંતને મિત્ર બનાવીએ, અનુભવને સલાહકાર બનાવીએ, ધૈર્યને સેનાપતિ બનાવીએ અને આશાને શસ્ત્ર બનાવીએ જંગે ચઢીએ તો જિંદગીના યુદ્ધમાં વિજય મળશે જ મળશે.

૫૬) 'હું ભગવાનનો છું' એવા ભાવથી પરમાત્માની સેવા-સ્મરણ કરતાં કરતાં હૃદય જ્યારે શુદ્ધ થાય છે ને ભક્તિ જ્યારે વધી જાય છે ત્યારે ભગવાન મારા છે' એવો દિવ્ય અનુભવ થઈ જાય છે. ને પછી તો

એવી શ્રધ્ધા જાગી ઊઠે છે કે 'હું જ્યારે ઈચ્છું ત્યારે ભગવાન મને દર્શન આપવાના છે ને મારી સાથે જ રહેવાના છે. કદાચ કોઈ વખત ભગવાનને હું ભૂલી જઈશ તો પણ ભગવાન મને ભૂલી જવાના નથી.

૫૮)પ્રેમ, આદર, નમ્રતાની ખુલ્લી બારી રાખજો વાત જ્યારે વટની આવે ત્યાં ખુમારી રાખજો.

૫૯) નારાયણરૂપ શ્રીકૃષ્ણની સંકલ્પશક્તિ સાથે નરરૂપ ભક્ત અર્જુનની કર્મશક્તિનો ઈષ્ટ સમાગમ થતાં જ ધર્મજયના આનંદનો પ્રકાશ સર્વત્ર વિસ્તરે છે.

૬૦) હે નાથ જોડી હાથ પાયે પ્રેમથી સૌ માંગીએ,
શરણ મળે સાચું તમારૂં એ હૃદયથી માંગીએ,
જે જીવ આવ્યો આપ પાસે ચરણમાં અપનાવજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.

વળી કર્મના યોગે કરી જે કુળમાં એ અરતરે,
ત્યાં પૂર્ણ પ્રેમે ઓ પ્રભુજી આપની ભક્તિ કરે.
લખચોરાશી બંધનોને લક્ષમાં લઈ કાપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.

સુસંપત્તિ સુવિચારને સત્કર્મનો દઈ વારસો,
જનમોજનમ સત્સંગથી કિરતાર પાર ઉતારજો.
આ લોકને પરલોકમાં તવ પ્રેમ રગરગ વ્યાપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.

મળે મોક્ષ કે સુખ સ્વર્ગના આશા ઉરે એવી નથી,
ધો દેહ દુર્લભ માનવીનો ભજન કરવા ભાવથી.
સાચું બતાવી રૂપ શ્રી રણછોડ હૃદયે સ્થાપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.

૬૧) મરણ નું સ્મરણ

એકનાથ ના જીવન નો એક પ્રસંગ છે. એક ગૃહસ્થે નાથને પૂછ્યું ''મહારાજ તમારુ જીવન કેટલુ સાદુ ને નિષ્પાપ! અમારૂ એવું કેમ નથી. તમે કદી કોઈના પર ગુસ્સે થતા નથી. તમારે કોઈ સાથે ટંટો નહી, તકરાર નહી, તમે કેવા શાંત, પવિત્ર પ્રેમાળ છો.''

એકનાથે કહ્યું '' મારી વાત હમણાં રહેવાદે, તારી બાબતમાં મને એક વાતની ખબર પડી છે.'' તારુ આજથી સાત દિવસ રહીને મરણ છે. એક નાથે કહેલી વાત ખોટી કોણ માને? સાદ દિવસ રહીને મરવાનું! ફક્ત એકસો અડસઠ કલાલક બાકી અ રે રે હવે શુ થશે! તે માણસ ઝટપટ ઘેર ગયો, તેને કંઈ સુઝે નહી. બધી મેલમુકની વાત સોપણ નોંધણ પણ કરવા માંડી. પછી તે માંદો પડ્યો. પથારી એ પડ્યો છ દહાડા એમને એમ જતા રહ્યા. સાતમે દિવસે એકનાથ, તેની પાસે આવ્યા. તેણે નમસ્કાર કર્યા. નાથે પૂછ્યું ''કેમ છે!'' તેણે કહ્યું ''જીઉંછું હવે'' નાથે પૂછ્યું આ છ દિવસમાં કેટલું પાપ થયું! પાપના કેટલા વિચાર મનમાં ઉડ્યા? તે આસન્ન મરણ માણસે જવાબ આપ્યો નાથ! પાપનો વિચાર કરવાનો વખત જ ક્યાં હતો? નજર સામેં મરણ એક સરખુ ધૂમ્યા કરતું હતું. નાથે કહ્યું અમારૂ જીવન નિષ્પાપકેમ હોય છે તેનો જવાબ તને હવે મળી ગયો. મરણનો વાઘ હંમેશાં સામે ધૂરકતો ઉભો હોય ત્યારે પાપ કરવાનું સુઝે ક્યાંથી? મરણનું હંમેશ સ્મરણ રાખવું એ પાપમાંથી મૂક્ત રહેવાનો ઈલાજ છે. મરણ સામે દેખાતું હોય ત્યારે કંઈ હિમંત માણસ પાપ કરશેય.

૬૨)જ્યાં શ્રીકૃષ્ણ એટલે નિર્ભેળ નિશ્ચયાત્મક જ્ઞાન છે અને જ્યાં અર્જુન એટલે દૃઢ સંકલ્પવાળું શુધ્ધ કર્મ છે. ત્યાં વિજય નિશ્ચિત છે, છતાં ધૃતરાષ્ટ્રનો અંધાપો ન ગયો. આપણો જાય તેમ પ્રભુ ને નમ્ર ભાવે પ્રાર્થીયે.

૬૩) જે કર્મ છોડે એ પડે, કર્મ કરી તેના ફળ છોડે એ ચડે. આ સાદી વાત, સો માં થી નેવુ ને સમજાતી નથી, જે દશને સમજાય છે એમાનાં નવ એનો અમલ કરી શકતા નથી.- ગાંધીજી

૬૪)મુખમાં જતી, અને મુખમાંથી આવતી ચીજ માટે માણસ જો સાવધ રહે તો, એનુ જીવન સ્વર્ગના આનંદથી ઉભરાઈ જાય. મુખમાં જતી ચીજ છે - આહાર, મુખમાંથી આવતી ચીજ છે - વાણી પેટ અને પરિવાર બે'ય જોખમમાં મૂકાય જ્યારે માણસ આ જતી આવતી ચીજો માટે ગાફેલ બને છે. આહારની અસાવધતા પેટમાં વ્યાધિ ઉભી કરે છે. વાણીની અસાવધતા પરિવારમાં આંધી ઉભી કરે.

૬૫) અમારા પિતાશ્રી જેણે ધૂપસળીની જેમ બળીને સુવાસ ફેલાવી, કષ્ટમયી રીતે અમારું લાલનપાલન કરી સંસ્કારનું સિંચન કર્યું, જિંદગીની કટુ વાસ્તવીકતાથી વાકેફ કર્યા, દુનિયા સામે છાતી તાણી પોતાના પગ પર ઊભા રહી શકીએ એવું ખમીર બક્ષ્યું, તેઓએ નિઃશ્વાર્થપણે પોતાના પોતીકા નહીં પરંતુ પારકા શબ્દને વધારે યથાર્થ બનાવ્યો. ધાર્મિકતા અને ઈમાનદારીની પારાશીશી બતાવી. ભૌતીક સુખની ખેવના ન કરી, કડવા સત્યથી રાહબર બનાવ્યા. ।જે અમારી પાસે બધું જ છે પરંતુ તેમની પુનિત યાદ સિવાય કશું જ નથી અને તેનો અમે સતત ખાલીપો અનુભવીએ છીએ. ફક્ત આવા લખાણના માધ્યમ દ્વારા અંજલિ આપી શકીએ છીએ- એટલો જ આત્મસંતોષ.

૬૬)આંસુ આવે છે, આંખોમાં અમારી,
જ્યારે આવે છે યાદ તમારી.
ખુશી જ ખુશી હતી પાસે અમારી,
જ્યારે અમને સોબત હતી તમારી,
હજારો ગમ નજીક આવ્યા અમારી,
જ્યારે છુટી હાથથી દોર તમારી.
અમારે રહેવું હતું સાથે તમારી,
પણ તમે ચાલી ન શક્યા સાથે અમારી.
જ્યારે જ્યારે જોઈ અમે તસ્વીર તમારી,
ભટકી રહી છે જીવન-મરણમાંજીંદગી અમારી.
જ્યારથી દૂર થઈ છે ચાહત તમારી,
ત્યારથી સાથે નથી કોઈ અમારી.
કાફી છે અમારી સાથે છે યાદ તમારી,
યાદ કરતા આરામથી વહી જાય છે જીંદગી અમારી.
રહેશે અમારા દિલમાં હંમેશા ફક્ત તસ્વીર તમારી!

૬૭)બાળક જન્મે ને લોકો વધામણી માટે પુષ્પગુચ્છ લઈ આવે. માણસ મરે અને લોકો પુષ્પગુચ્છ ચઢાવીને અંજલિ આપે. શું કારણ? એ જ ખીલવું ને ખરવું એ જીવનનો સહજ ક્રમ છે.

૬૮) જીવનમાં જે વર્ષો મળ્યા તેમાં શું ઉમેર્યું એ નક્કી કરવામાં જ આપણે ગોથું ખાઈ જઈએ છીએ. કોઈ કીર્તિ, કોઈ ધન, કોઈ જ્ઞાન ઉમેરતાં રહે છે, કોઈ વર્ષો સિવાય કંઈ જ ઉમેરતા નથી. બહુ ઓછા લોકો વર્ષોમાં જ જીવન ઉમેરે છે.

૬૯)ધન (લક્ષ્મી) સંપતિને મેં પૂછ્યું - ''તારી તાકાત કેટલી ?'' કેટલી? એણે મને પર્વતનું શિખર દેખાડ્યું અને સાથોસાથ ખાઈ પણ બતાવી! હું એના સંદેશાને સમજી ગયો. સદુપયોગ કરતાં આવડે તો શિખર અને દુરૂપયોગ કરો તો ખાઈ!

૭૦)'નથી' ની ચિંતા છોડો તો જ 'છે' નું સુખ માણી શકશો!

૭૧)

કેલેન્ડર બદલાય, તારીખો બદલાય, કપડા બદલાય, પણ સ્વભાવ નહીં બદલાય તો વર્ષ કેમ સુધરશે.

માંગ્યા વિના ન મળે દાન, નસીબ વિના ન મળે માન, ખેતી વિના ન મળે ધાન, ગુરૂ વિના ન મળે જ્ઞાન.

બધા બદલાઈ જાય તો આ દુનિયા સ્વર્ગ જેવી બનીજાય આવુ કહેનાર હે માનવ? એની શરુઆત તારાજથી ન કર, જે પણ કાર્ય કરો તે પૂર્ણ કરો.

હે માનવ દુનિયાની સામગ્રી તને મળી જાય પણ જો મનની શાંતી ન મળે તો તે વ્યર્થ છે.

માની કિંમત સમજાય તો આલોક સુધરે અને પરમાર્થની કિંમત સમજાય તો પરલોક સુધરે.

પાટા વગર ટ્રેન ન ચાલે તો, ગુરૂની આજ્ઞા વગર જીવન કેમ ચાલે.

આપ્યા પછી ભૂલીજવું તેનું નામ દાન. આપ્યા પછી લેવાની આશા રાખે તે નાદાન.

કરી શકો તો કોઈનું સન્માન કરજો પણ અપમાન કદી કરશો નહી.

કણ કણની કિંમત આવવાથી જીવન સમૃદ્ધ બને છે. જ્યારે ક્ષણ ક્ષણની કિંમત સમજવાથી જીવન સફળ બને છે.

જીવનમાં સબળ બનવું આસાન છે પણ સરળ બનવું મુશ્કેલ છે.

જે કાંઈ કાર્ય કરો તો પૂર્ણ મનથી કરો સફળતા અને આનંદ તમારા હાથમાં છે.

જીંદગીમાં હસાવી લો, હસી લો બે ઘડી સ્નેહમાં વિતાવી લો, શી ખબર કે કાલે મળ્યા કે ન મળ્યા, આજે પ્રેમથી વધાવી લો.

આજનો માનવી સમય સાથે બધી રીતે બદલાયો, પણ ન બદલાયો, એક માત્ર સ્વભાવથી, જીવનમાં આવતી પ્રત્યેક આપત્તિનો અંત આવે છે માટે કદી નિરાશ ન થાવ.

૭૨)

હસતાને હસાવે છે પૈસો
રડતાને રડાવે છે પૈસો
માનવને દાનવ બનાવે છે પૈસો
સજજનને દુર્જન બનાવે છે પૈસો
ભાઈ-ભાઈને વેરી બનાવે છે પૈસો
મિત્રની મિત્રતા તોડાવે છે પૈસો
સાસુ વહુને લડાવે છે પૈસો
આમ જુઓ તો કશું જ નથી પૈસો
તોય શું પ્રભુ થી છે ચઢિયાતો - પૈસો ?

૭૩)સંધ્યાના જેવો સમયને હવે રાત આવે,
અંધકાર ઓઢીને બેસું નવી વાત આવે,
જુઓ મારા પડછાયા ખોવાઈ ગયા દૂર,
હવે એકલી એ દ્વિધાની મુલાકાત આવે
લીલા વૃક્ષ પરથી ખર્યા પુષ્પ, પત્તા ને કુપળ,
ઋતુ પાનખર છે કાયમ નહીં ઠાઠ આવે.
શાંતિથી બેસો સંબંધો સલાહથી નવાજે,
સન્નાટે વીંટળાઈ હળવાશે આઘાત આવે.
મંદિર, મસ્જિદ ધરમ ધ્યાને 'પ્રેમ' શોધુ
નથી ટેવ માટે એ પણ નહીં હાથ આવે.

૭૪) સુખ દુ:ખની જાળમાં ગુંથાતાં આંસૂ
માનવીના જીવનમાં વણાયાં આંસૂ.....
પાપા પગલી ભરતા કદી રડી લેતા
સૌ કહેતા આંખમાં ના જણાયાં આંસૂ.....
હર્ષના આંસૂ આવે કોઈક મિલનમાં
ક્યારેક સપનામાં વહી ગયા આંસૂ.....
મિલનની પળો હૈયાને ભીજવે છે
વિરહની આગમાં બળી ગયા આંસૂ.....
ઘણા યુગોથી માત્ર તને જ ઝંખું છુ
તને જોતાં જ આંખમાં છલકાયાં આંસૂ.....
વર્ષારાણી વરસ્યા મન મૂકીને
ચાતકની આંખમાં મલકાયાં આંસૂ.....
વસંતના વાયરે ખૂબ રમ્યાં અમે
સુખના સાગરમાં સમાયા આંસૂ.....
કોને કહીએ આજે સુખદુ:ખની વાતો
ઘડપણમાં હવે તો રિસાયાં આંસૂ.....
જન્મથી મૃત્યુ સુધી સાથે રહીને
અંતે માનવી સાથે મરી ગયા આંસૂ.....

૭૫)બિન ગોપાલ નહીં કોઈ અપનો।।
કૌન પિતા માતાસુત ઘરની યહ સબ જગત રૈનકો સપનો।।૧।।
થનકારન નિસદિન જગ ભટકત વૃથા જનમયોંહી સબ ખપનો।।
અન્તસહાય કરે નહીં કોઈ નિશ્ચયકાલ અગ્નીમુક જપનો।।૨।।
સબ તજિ હરિભજ યુગલકમલપદ મોહનિગડ ચરણનતે કટનો।।
કહત દાસ શ્રીવલ્લભ વિઠ્ઠલ શ્રીગિરિધર રસનામુખ જપનો ।।૩।।

૭૬)તમે પક્ષીને પાંજરા માં ક્યાં સુધી પૂરી રાખી શકો? તેમની પાંખો મજબૂત થાય એટલે તેમને ઉડવા દેવા માં જ મજા છે? આપણે આપણા બાળકો ને બે જ વસ્તુઓ આપી શકીએ - સંસ્કાર રૂપી ઊંડા મૂળિયાં અને મજબૂત પાંખો.

૭૭)આપતા પહેલાં એક વાર વિચાર કરવો, લેતા પહેલાં બે વાર અને માંગતા પહેલા હજાર વાર વિચારવું - ઉપનિષદ

૭૮) ચકલી ની ઉડાન ગરૂડ ના જેટલી ન જ હોય - તેમાં તે વેગ પણ ન હોય. પણ તેને ઉડતાં આવડે છે ને? આપણે ભલે ચકલી જેટલા છીએ પણ આપણામાં એજ ચૈતન્ય છે કે જે પહેલા મહાપુરૂષો માં છે. આપણી ઉડાન ભલેને સીમિત હોય પણ ઉડીએ તો ખરા? આપણી ઉડાન ભલે નાનકડી હોય પણ તે યોગ્ય દિશાની હશે તો પ્રભુ ના દરબાર માં તેની ચોક્કસ નોંધ લેવાશે જ.